પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૩૦ | ૧૦ એપ્રિલ, ૨૦૨૩, સોમવાર; ચૈત્ર વદ - ૦૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# દેશમાં ૩૧૬૭ વાઘ : મોદીની જાહેરાત

**પ્રોજેક્ટ ટાઈગરને ૫૦ વર્ષ પૂર્ણ થતા વડાપ્રધાને આઈબીસીએ લોન્ચ કર્યું : બીગ કેટ્સના કારણે ટાઈગર રિઝર્વમાં પર્યટકોની સંખ્યામાં વધારો થયો છે : અને આના કારણે સ્થાનિક અર્થવ્યવસ્થાને મજબૂતી મળી છે : વડાપ્રધાન**





બેંગાલુરુ, તા.૯

પીએમ મોદીએ રવિવારે કર્ણાટકમાં બાંદીપુર અને મુદુમલાઈ ટાઈગર રિઝર્વની મુલાકાત કરી હતી. અહીં પ્રોજેક્ટ ટાઈગરના ૫૦ વર્ષ પૂરા થવાની તકે તેઓએ બાંદીપુર ટાઈગર રિઝર્વ જંગલમાં સફારીનો આનંદ પણ ઉઠાવ્યો હતો. તેઓ રવિવારે સવારે બાંદીપર ટાઈગર રિઝર્વ પહોંચ્યા હતા અને પછી થેપ્પાકડૂના એલિફન્ટ કેમ્પ પણ પહોંચ્યા હતા. પ્રોજેક્ટ ટાઈગરના પચાસ વર્ષ પૂર્ણ થતા તેઓએ ઈનેટરનેશનલ બીગ કેટ અલાઉન્ટ એટલે કૈંમ્ઝ્ઝ પણ લોન્ચ કર્યુ હતુ. આ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, એલિફન્ટ વ્હિસ્પર્સ ચર અને ક્રિએચર વચ્ચેના અદ્ભૂત સંબંધોની આપણી વિરાસતને દર્શાવે છે. પીએમ મોદીએ એવું કહ્યું કે, જે એલિફન્ટ વ્હિસ્પર્સ ડોક્યુમેન્ટ્રીને ઓસ્કાર એવોર્ડ મળ્યો એ પણ નેચર અને ક્રિએચર વચ્ચેના અદભૂત સંબંધોની આપણી વિરાસતને દર્શાવે છે. મારો આગ્રહ છે કે, તમે (વિદેશી ગણમાન્ય લોકો) અમારા આદિવાસી સમાજના જીવન અને પંરાપરાને પોતાના દેશ તથા સમાજ માટે કંઈક ને કંઈક નવું લઈને જાઓ.

● અનુસંધાન પાન-૭ પર

## એકદમ નવા લૂકમાં જોવા મળ્યા પીએમ નરેન્દ્ર મોદી

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કર્ણાટકના પ્રવાસે છે મોદીએ આજે વાઘની ગણતરીના ડેટા જાહેર કર્યા હતા**



બેંગાલુરુ, તા.૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કર્ણાટકના પ્રવાસે છે. વડાપ્રધાન મોદીએ આજે વાઘની ગણતરીના ડેટા જાહેર કર્યા હતા. તેમજ બાંદીપુરમાં ટાઈગર સફારીની મુલાકાત લીધી હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે તદ્દન અનોખા લૂકમાં જોવા મળ્યા. પીએમ મોદી આજે બ્લેક હેટ, પ્રિન્ટેડ ટિશર્ટમાં જોવા મળ્યા હતા. સાથે તેમણે કાળા રંગના શૂઝ પહેર્યા છે. ત્યારે આ અંદાજમાં પીએમ મોદી સફારીની મજા માણી હતી.

નરેન્દ્ર મોદી આ વર્ષે કર્ણાટકની આઠમી વાર મુલાકાત લઈ રહ્યાં છે. તેઓ શનિવારે મૈસૂર પહોંચ્યા હતા. કર્ણાટકમાં ૧૦ મેના રોજ વિધાનસભાની ચૂંટણી યોજાવા જઈ રહી છે. તે પહેલા મોદી આજે બાંદીપુર ટાઈગર રિઝર્વની મુલાકાત લીધી હતી. મોદીએ પ્રોજેક્ટ ટાઈગરના ૫૦ વર્ષ પૂરા થવાના અવસરે વાઘની સંખ્યાના નવા આંકડા જાહેર કર્યા હતા. પ્રવાસ કાર્યક્રમ વિગત મુજબ મોદી મૈસુરમાં રાત્રિ રોકાણ કર્યું હતું. તે પહેલા તેમના લૂકે સૌનુ ધ્યાન ખેંચ્યું છે.

## યુપીમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી જાહેર

**યુપીમાં નગરપાલિકાની ચૂંટણી બે તબક્કામાં યોજાશે : મ્યુનિસિપલ કોર્પોરેશનની ૧૪,૬૮૪ જગ્યાઓ પર ચૂંટણી યોજાશે. ૧૭ મેયર અને ૧૪૨૦ કાઉન્સિલરની ચૂંટણી ઈવીએમ દ્વારા યોજાશે : ૪ અને ૧૧ મેએ બે તબક્કામાં મતદાન, ૧૩મીએ પરિણામ આવશે**

લખનૌ,તા.૯

ઉત્તર પ્રદેશમાં મ્યુનિસિપલ કોર્પોરેશનની ૧૪,૬૮૪ જગ્યાઓ પર ચૂંટણી યોજાશે. ૧૭ મેયર અને ૧૪૨૦ કાઉન્સિલરની ચૂંટણી ઈવીએમ દ્વારા યોજાશે. નગરપાલિકા અને નગર પંચાયતની જગ્યાઓ પર મતદાન બેલેટ પેપરથી થશે. આ સિવાય ચૂંટણી પંચે સંવેદનશીલ સ્થળોએ વધારાની પોલીસ તૈનાત કરવા સૂચના આપી છે. નગર પાલિકા પરિષદના ૧૯૯ ચેરમેન અને ૫૩૨૭ સભ્યો માટે બેલેટ પેપર દ્વારા મતદાન કરવામાં આવશે. આ ઉપરાંત ૫૪૪ નગર પંચાયત પ્રમુખ, ૭૧૭૮ સભ્યોની ચૂંટણી પણ બેલેટ પેપર દ્વારા કરવામાં આવશે.

યુપીના સહારનપુર, મુરાદાબાદ, આગ્રા, ઝાંસી, પ્રયાગરાજ, લખનૌ, દેવીપાટન, ગોરખપુર અને વારાણસી મંડલોમાં ૪ મેના રોજ ચૂંટણી યોજાશે જ્યારે મેરઠ, બરેલી, અલીગઢ, કાનપુર, ચિત્રકૂટ, અયોધ્યા, બસ્તી, આઝમગઢ અને મિર્ઝાપુર મંડલોમાં ચૂંટણી થશે. બીજા તબક્કામાં મતદાન.

● અનુસંધાન પાન-૭ પર

## મહાકાલની નગરીમાં મહિલા બાઉન્સર અને મહિલા પોલીસ વચ્ચે મારામારી

**મહિલા પોલીસકર્મી વચ્ચે કોઈ વાતને લઈને વિવાદ શરૂ થયો હતો : અન્ય સુરક્ષાકર્મીઓએ બંનેને સમજાવીને વિવાદ શાંત પાડ્યો હતો આ સમગ્ર મામલે વિવાદનું કારણ હાલ બહાર આવ્યું નથી**

ઉજ્જૈન,તા.૯

મહાકાલની નગરીમાં પંડિત એક ઘટના બની હતી. અહીં તૈનાત લેડી બાઉન્સર અને એક મહિલા



પ્રદીપ મિશ્રા દ્વારા શિવ મહાપુરાણના વર્ણન દરમિયાન પોલીસકર્મી એકબીજા સાથે મારામારી કરી હતી. બંને વચ્ચે ઘણી લાતો અને મુક્કાબાજી થઈ હતી. મહિલા સુરક્ષા કર્મચારીઓ વચ્ચેની લડાઈનો વીડિયો હવે વાયરલ થઈ રહ્યો છે. આ ઘટના શનિવારની હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

મળતી માહિતી મુજબ અહીં કથા પંડાલમાં તૈનાત મહિલા બાઉન્સર અને મહિલા પોલીસકર્મી વચ્ચે કોઈ વાતને લઈને વિવાદ શરૂ થયો હતો. આ જોઈને સ્થિતિ લડાઈ સુધી પહોંચી ગઈ અને બંનેએ એકબીજાને માર માર્યો હતો. બાદમાં અહીં હાજર લોકો અને

● અનુસંધાન પાન-૭ પર

## નિકોબાર ટાપુઓમાં બે વાર ભૂકંપના જોરદાર આંચકા

**આંચકા અનુભવાતા લોકોમાં ગભરાટનો માહોલ : નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૧ જોવા મળી હતી**

પોર્ટ બ્લેર,તા.૯

રવિવારે બપોરે ૨.૫૯ કલાકે આંદામાન-નિકોબાર ટાપુઓમાં ભૂકંપના જોરદાર આંચકા (આંદમાન-નિકોબાર ટાપુઓ) અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪.૧ હતી.

આ પછી, વધુ એક વખત ભૂકંપના આંચકા આવ્યા, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૩ હતી.

ભૂકંપના આ આંચકા બે વખત અનુભવાયા હતા, જેના કારણે લોકો ભયભીત થઈ ગયા હતા. જોકે, ભૂકંપના કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી. તેનું કેન્દ્ર લગભગ ૧૦ કિલોમીટરની ઊંડાઈએ માપવામાં આવ્યું હતું.બીજી વખત સાંજે લગભગ ૪ વાગે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તેની તીવ્રતા અગાઉના ભૂકંપ કરતાં ઘણી વધુ ઝડપી હતી. બીજા ભૂકંપની તીવ્રતા ૫.૩ હતી. સતત બે વખત જોરદાર આંચકા અનુભવાતા લોકોમાં ગભરાટનો માહોલ છે.

## સતત ૫ સિક્સર ફટકારી રિંકુ સિંહે KKRને જીત અપાવી

**ગુજરાત ટાઈટન્સને ત્રણ વિકેટે હરાવ્યું : ઓલરાઉન્ડર વિજય શંકરના ૨૪ બોલમાં અણનમ ૬૩ રન અને રાશિદ ખાનની હેટ્રિક પર પાણી ફેરવી દીધું**

અમદાવાદ, તા.૯

રિંકુ સિંહે છેલ્લી ઓવરમાં સતત પાંચ સિક્સ ફટકારીને કોલકાતા નાઈટ રાઈડર્સે ગુજરાત ટાઈટન્સને શ્વાસ થંભાવી દેનારી મેચમાં ત્રણ વિકેટે હરાવ્યું હતું. સ્ટેન્ડ-ઈન કેપ્ટન રાશિદ ખાને ૧૬મી ઓવરમાં હેટ્રિક લઈને મેચ પલટી નાખી, પરંતુ ઝડપી બોલર યશ દયાલ છેલ્લી ઓવરમાં જરૂરી ૨૯ રન બચાવી શક્યો ન હતો. રિંકુ સિંહે ૨૧ બોલમાં ૪૮ રન બનાવ્યા હતા. છેલ્લી ઓવરનો પહેલો બોલ ડોટ રમ્યા બાદ રિંકુએ પછીના પાંચ બોલ હવાઈ મુસાફરી પર મોકલી ટીમને જીત અપાવી. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ગુજરાત



ટાઈટન્સે સાઈ સુદર્શન અને વિજય શંકરની અડધી સદીના કારણે ૨૦૪/૪ રન બનાવ્યા હતા, પરંતુ ક્દ્દઈએ છેલ્લા બોલમાં સાત વિકેટ ગુમાવીને લક્ષ્ય હાંસલ કરી લીધું હતું.

## યુએસ સ્ટુડન્ટ, ટુરિસ્ટ વિઝાની ફીમાં ૩૦ મેથી વધારો ઝીંકાશે

**અમેરિકન વિઝા માટે વધારે ફી ચુકવવાની તૈયારી રાખવી પડશે : નોન-ઈમિગ્રેશન સર્વિસના ખર્ચમાં વધારો થયો હોવાથી વિઝાની ફી અમેરિકા દ્વારા વધારવામાં આવી છે**

નવી દિલ્હી, તા.૯

અમેરિકા જવા માટે હવે વિઝા પાછળ વધારે ખર્ચ કરવો પડશે. અમેરિકાએ ટુરિસ્ટ અને સ્ટુડન્ટ વિઝાની ફી વધારી દીધી છે. નવી ફી ૩૦ મે, ૨૦૨૩થી લાગુ થશે. અમેરિકન વિદેશ મંત્રાલયે આપેલી માહિતી પ્રમાણે બિઝનેસ અથવા ટુરિઝમ માટેના વિઝા (B1/ B2) અને બીજા નોન-પિટિશન આધારિત NIV જેમ કે સ્ટુડન્ટ અને એક્સચેન્જ વિઝિટર વિઝાની ફી ૧૬૦ ડોલરથી વધારીને ૧૮૫ ડોલર કરવામાં આવી છે. ટેમ્પરરી વર્કર્સ (H, L, O, P, Q અને R કેટેગરી) માટે ચોક્કસ પિટિશન આધારિત નોન ઈમિગ્રેશન વિઝાની ફી ૧૯૦ ડોલરથી વધારીને ૨૦૫ ડોલર કરવામાં આવી છે. ટ્રીટી ટ્રેડર, ટ્રીટી ઈન્વેસ્ટર અને સ્પેશિયાલિટી ઓક્યુપેશન (ઈ કેટેગરી)માં ટ્રીટી અરજકર્તા માટે વિઝા ફી ૨૦૫ ડોલરથી વધારીને ૩૧૫ ડોલર કરવામાં આવી છે.

હાલમાં ડોલરનો જે ભાવ છે તેના પરથી લાગે છે કે આ નિયમો લાગુ થાય ત્યાર પછી ભારતીય વિદ્યાર્થીઓએ સ્ટુડન્ટ વિઝા માટે લગભગ ૧૫૧૪૦ ચુકવવા પડશે. આ નિયમથી અન્ય કોન્સ્યુલર ફીમાં કોઈ અસર નથી પડી જેમાં ચોક્કસ એક્સચેન્જ વિઝિટરનો સમાવેશ થાય છે.

ગયા વર્ષના ૧ ઓક્ટોબરના રોજ અથવા ત્યાર પછી જે વિઝા ઈન્ટરવ્યૂ માટે ફી ચુકવાઈ હતી તે ફી પેમેન્ટના ઈનવોઈસની તારીખથી ૩૬૫ દિવસ સુધી સ્વીકાર્ય હશે. ૧ ઓક્ટોબર ૨૦૨૨ અગાઉ અરજકર્તાઓ દ્વારા જે ફી ચુકવવામાં આવી હતી તે ચાલુ વર્ષના ૩૦ સપ્ટેમ્બર સુધી વેલિડ રહેશે. તેના કારણે અરજકર્તાઓએ તેમના ઈન્ટરવ્યૂ પ્રિ શિડ્યુલ કરવાના રહેશે અથવા ૩૦ સપ્ટેમ્બર અગાઉ ઈન્ટરવ્યૂ વેઈવર અરજી આપવાની રહેશે. મોટા ભાગની નોન-પિટિશન આધારિત NIV માટેની ફી છેલ્લે ૨૦૧૨માં અપડેટ કરવામાં આવી હતી.

## વારંવાર થાય છે કોરોના, તો શરીરની ઈમ્યુનિટી માટે ખતરો

**ડોક્ટરો અને નિષ્ણાતોએ આપી ચેતવણી : આ વખતે તાવ, ઉધરસની સાથે શ્વાસની બીમારીથી પીડિત ઘણા લોકોના રિપોર્ટ પોઝિટિવ આવી રહ્યા છે**

નવી દિલ્હી, તા.૯

દેશમાં કોરોના સંક્રમણના કેસ ફરી એકવાર જોર પકડવા લાગ્યા છે. આવી સ્થિતિમાં, ઘણા લોકો ફરીથી કોરોના સંક્રમિત થઈ રહ્યા છે. લોકોમાં વારંવાર કોવિડ થયા બાદ ડોકટરોએ ચેતવણી આપી છે. ડોકટરોનું કહેવું છે કે વારંવાર ચેપ લાગવાથી સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસરોનું વધારાનું જોખમ ઊભું થઈ શકે છે. ડોકટરો અને આરોગ્ય નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, જે લોકોને વારંવાર કોવિડ ચેપ લાગ્યો છે તેઓને માયોકાર્ડિટિસ (હૃદયના સ્નાયુમાં બળતરા) થવાનું જોખમ વધારે છે.

ડોકટરો કહે છે કે વારંવાર કોવિડ ચેપ ધરાવતા દર્દીઓમાં ફેફસાંના ડાઘ અને પલ્મોનરી ફાઈબ્રોસિસ થવાનું જોખમ વધારે છે. દેશમાં છેલ્લા લગભગ એક મહિનાથી કોરોનાના કેસમાં વધારો થવા માટે ઓમિક્રોનના સબ-વેરિઅન્ટ ઠમ્મ.૧.૧૬ જવાબદાર હોવાનું માનવામાં આવે છે. આ પેટા પ્રકાર અગાઉના ચેપ અને રસીની રોગપ્રતિકારક શક્તિને પણ હરાવી રહ્યું છે. સ્વાસ્થ્ય મંત્રાલયે શુક્રવારે કહ્યું કે ભારતમાં ૨૪ કલાકમાં કોવિડના ૬ હજારથી વધુ કેસ નોંધાયા છે.

ડોકટરો કહે છે કે વારંવાર ચેપ ચોક્કસપણે ક્રોનિક લો-ગ્રેડ સોજા તરફ દોરી શકે છે. જો તે લાંબા સમય સુધી ચાલુ રહે છે, તો તે શરીરના વિવિધ ભાગોને નુકસાન પહોંચાડે છે. જે લોકો વારંવાર કોવિડ ચેપથી સંક્રમિત થાય છે તેમને માયોકાર્ડિટિસ થવાનું જોખમ ત્રણ ગણું વધારે રહે છે. દીર્ઘકાલીન બળતરા લોકોને ક્રોનિક જીવનશૈલી રોગો જેમ કે ડાયાબિટીસ, હાર્ટ એટેક અને રક્તચેપનો શિકાર બનાવી શકે છે.

ભારતમાં ૯૦% થી વધુ પુખ્ત વયના લોકોને રસીના ઓછામાં ઓછા બે ડોઝ આપવામાં આવ્યા છે, આમ છતાં લોકો ફરીથી સંક્રમિત થઈ રહ્યા છે. વાયરસ હૃદયના સ્નાયુ તંતુઓને અસર કરે છે. આનાથી અચાનક મૃત્યુ પણ થઈ શકે છે. તબીબો જણાવી રહ્યાં છે કે અમે એક વાત શોધી કાઢી છે કે કોવિડ વાયરસ અને તેના તમામ મ્યુટેશનથી માત્ર ફેફસાંમાં જ બળતરા થતી નથી, પરંતુ ૨૦% લોકોને હૃદયમાં પણ બળતરા થાય છે. જો કોઈ વ્યક્તિને વારંવાર ગંભીર ચેપ લાગે છે, તો તેના જીવનની ક્વોલિટીમાં ઘટાડો આવશે. આ સિવાય તેમને સાજા થવામાં પણ વધુ સમય લાગશે. એવું પણ શક્ય છે કે અન્ય લોકો કરતાં વધુ સમય સુધી હોસ્પિટલમાં દાખલ રહેવું પડે. વારંવાર ચેપની લાંબા ગાળાની અસરો વિશે ચિંતા વધી રહી છે. લાંબા સમય સુધી ચેપ અંગો અને તેમના પેશીઓને નુકસાન પહોંચાડી શકે છે. આ અસ્થમા, ક્રોનિક બ્રોંકાઈટિસ અને કિડનીને નુકસાન જેવી પરિસ્થિતિઓ તરફ દોરી શકે છે. વધુમાં જે વ્યક્તિઓ વારંવાર ચેપનો અનુભવ કરે છે તેઓ ભવિષ્યના ચેપ માટે વધુ સંવેદનશીલ હોઈ શકે છે કારણ કે તેમની રોગપ્રતિકારક શક્તિ નબળી પડી રહી છે.

## દેશમાં બે દિવસમાં વાવાઝોડાની આગાહી

**આગામી ૫ દિવસમાં મહત્તમ તાપમાનમાં ૨-૪ ડિગ્રીનો વધારો થઈ શકે છે : કેટલાક ભાગોમાં કરા પડશે**

નવી દિલ્હી, તા.૯

ભરઉનાળો કરા પડશે કરા! હવામાન વિભાગની ચેતવણી જાણીને હલી જશો, જાણી લો કયા કયા વિસ્તારોની હાલત થઈ શકે છે ખરાબ. એક તરફ ભરઉનાળે કમોસમી વરસાદને કારણે સ્થિતિ વિકટ બની છે. બીજી તરફ હવામાન વિભાગની એક આગાહી તમારા હોશ ઉડાડી દેશે. આગામી ૨ દિવસમાં હવામાનમાં પલટો આવશે તેવું હવામાન વિભાગ દ્વારા કહેવાયું છે. કેટલાંક વિસ્તારોમાં કરા પડશે તેવી પણ આગાહી કરવામાં આવી છે. જોકે, આના કરતા પણ વધારે ચિંતા એ આગાહીને કારણે થઈ રહી છે જેનાથી વિનાશ વેરાઈ શકે છે. આ ઉપરાંત બીજી તરફ એવી પણ આગાહી કરવામાં આવી છેકે, આગામી ૫ દિવસ દરમિયાન દેશભરમાં ભારે ગરમી પડશે.

ભારતીય હવામાન વિભાગે વાવાઝોડાની આગાહી કરી છે. આ ઉપરાંત કરા પડવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. ચાલો જાણીએ કે હવામાનમાં કેટલો બદલાવ આવશે. હવામાન વિભાગે તેની ચેતવણી આપી છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી બે દિવસમાં વાવાઝોડું આવી શકે છે. તેની અસર મધ્યપ્રદેશ, ઓડિશા, મહારાષ્ટ્ર અને છત્તીસગઢમાં જોવા મળશે. આ સિવાય દેશના મોટાભાગના વિસ્તારોમાં મહત્તમ તાપમાનમાં વધારો જોવા મળી શકે છે. સ્કૈની આગાહી અનુસાર, આગામી ૫ દિવસમાં મહત્તમ તાપમાનમાં ૨-૪ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે.

**ટેનામેન્ટ વેચવાનું છે**

ટાઈટલ ક્લીયર
પ્લોટ નં.૧૦૨૬/૧,
૯૦ ચો.મી., સે-૧૩/સી,
બીજલ કો.ઓ.હા.સો.લિ.,
મહાત્મા મંદિરની બાજુમાં,
ખ-રોડ

સંપર્ક : ૯૮૨૪૦૯૪૦૮૪